==========

અસ્વીકરણ: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

એન્જિનિયરિંગ કામદાર યુનિયન

વિરુદ્ધ

મેસર્સ ઇલેક્ટ્રો સ્ટીલ્સ કાસ્ટિંગ્સ લિમિટેડ અને અન્ય

૧૬ એપ્રિલ, ૨૦૦૪

[વાય. કે. સભરવાલ અને એસ. બી. સિન્હા, ન્યાયમૂર્તિઓ]

ભારતનું સંવિધાન, ૧૯૫૦–અનુચ્છેદ ૨૫૪(૨):

સૂચિ–૩ મુજબ ઘડવામાં આવેલ રાજ્ય અધિનિયમ અને કેન્દ્રીય અધિનિયમ–બંને અધિનિયમો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ વચ્ચે અસંગતતા–અનુચ્છેદ ૨૫૪(૨)ની લાગુપાત્રતા– –ઠેરવ્યું: જ્યારે બે અધિનિયમો વચ્ચે સીધો સંઘર્ષ અસ્તિત્વ ધરાવતો હોય ત્યારે અનુચ્છેદ ૨૫૪(૨) લાગુ પડે છે–જો એક અધિનિયમની જોગવાઈઓનું પાલન કરવામાં આવે તો બીજા અધિનિયમની જોગવાઈઓનો અનાદર કરવો પડે તેવા કિસ્સામાં

જ માત્ર નહીં પરંતુ જ્યાં બંને કાયદાઓ અલગ–અલગ કાનૂની પરિણામો તરફ દોરી જતા હોય ત્યાં પણ સંઘર્ષ સીધો છે–વધુમાં, રાષ્ટ્રપતિની સંમતિ મેળવેલ રાજ્યનો અનુગામી કાયદો સંસદીય અધિનિયમ પર પ્રવર્તશે અને તેની ગેરહાજરીમાં, સંસદીય અધિનિયમ પ્રવર્તશે–હકીકતો પર જોતાં, ઉપક્રમના લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા સંબંધિત સમાન ક્ષેત્રને રાજ્ય અધિનિયમ અને કેન્દ્રીય અધિનિયમ આવરી લે છે અને તેમની વચ્ચે સંઘર્ષ અસ્તિત્વ ધરાવે છે, જેથી ત્યાં વિરોધાભાસ છે–આથી, અનુચ્છેદ ૨૫૪(૨) લાગુ પડે છે–રાજ્ય અધિનિયમની કલમ ૬–વી થી ૬–એક્સ કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–બી પર પ્રવર્તશે–પ્રવિષ્ટિ ૨૨, સૂચિ–૩, સાતમી અનુસૂચિ–ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–કલમ ૨૫–કે–૨૫–એસ, પ્રકરણ ૫–બી, યુ.પી. ઔધોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–કલમ ૬વી–૬એક્સ

વિરોધાભાસ–તેનું નિર્ધારણ–કાયદો ઘડવાની તારીખ કે તેના અમલમાં આવવાની તારીખના સંદર્ભમાં–રાજ્ય અધિનિયમને ૧૦.૧૦.૧૯૮૩ ના રોજ સંમતિ મળી હતી જ્યારે કેન્દ્રીય અધિનિયમ (૧૯૮૨ નો ૪૬) તારીખ ૨૧.૮.૧૯૮૪ થી અમલમાં આવ્યો હતો–ઠેરવ્યું: કાયદાના પ્રકારને શરતી ગણતાં અનુચ્છેદ ૨૫૪ કાયદાના અમલમાં આવવાની વિચારણા કરતો નથી–સંઘર્ષ પહેલેથી જ બની ચૂકેલા કાયદાના સંદર્ભમાં છે–અગાઉના કેન્દ્રીય અધિનિયમ સાથેના સંઘર્ષમાં રહેલા જે રાજ્ય અધિનિયમને રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી, આથી તે રાજ્ય અધિનિયમ કેન્દ્રીય અધિનિયમ પર પ્રવર્તશે–

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–યુ.પી. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭. રાજ્યના કાયદાને રાષ્ટ્રપતિની સંમતિ–અનુચ્છેદ ૨૫૪(૨)નો અમલ–ઠેરવ્યું: રાષ્ટ્રપતિને તેમની સંમતિ આપવાના કારણ વિશે વાસ્તવમાં માહિતગાર કરવામાં આવ્યા હતા તેવા હકીકતના તારણ પર પહોંચવા બાબત–જો તેનું પાલન ન થયું હોય તો તેવી દલીલ રીટ અરજી અથવા ખાસ પરવાનગી અરજીમાં ઉઠાવવી જોઈએ અને પ્રથમ વખત સુનાવણીના તબક્કે નહીં કારણ કે કોઈ સત્તાવાર કૃત્યની માન્યતા અને કાયદેસરતા અંગે અનુમાન અસ્તિત્વ ધરાવે છે–પુરાવા અધિનિયમ, ૧૮૭૨–કલમ ૧૧૪(ઈ) અને (જે).

કાયદાઓનું અર્થઘટન–અપવાદરૂપ કલમ–અધિભાવી અસર – ચર્ચા કરવામાં આવી – ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–યુ.પી. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.)–

પ્રથમ સામાવાળા–ઔદ્યોગિંક એકમ પોતાના કારખાનામા ૧૦૦ થી વધુ વ્યક્તિઓને કામે રાખતું હતું. તેણે કારખાનાનું કામકાજ બંધ કરવા અને ૯૯ કામદારોની સેવાઓ સમાપ્ત કરવા માટે નોટિસ જારી કરી હતી. અપીલકર્તા–નોંધાયેલ ટ્રેડ યુનિયને તે નોટિસની કાયદેસરતાને એ આધારે પડકારી હતી કે કારખાનામાં ૩૦૦ થી વધુ કામદારો કામે રાખેલા હોવાથી, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–કેન્દ્રીય અધિનિયમ લાગુ પડશે. ત્યારબાદ, મદદનીશ શ્રમ આયુક્તે કેન્દ્રીય અધિનિંયમની કલમ ૨૫ ના ઉલ્લ ઘન બદલ કાર્યવાહી ચલાવવા માટે સામાવાળાને નોટિસ જારી કરી હતી. સામાવાળાએ એવી દલીલ

કરી હતી કે ઉપક્રમમાં કર્મચારીઓની સંખ્યા ૩૦૦ કરતાં ઓછી હોવાથી, ઉત્તર પ્રદેશ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–રાજ્ય અધિનિયમની કલમ ૬–વી સાથે વંચાણે લેતાં કલમ ૬–ડબલ્યુ ને ધ્યાને લેતાં ઉપક્રમનું કામકાજ બંધ કરવા માટે કોઈ પરવાનગીની જરૂર ન હતી. પ્રથમ સામાવાળાએ નોટિસને પડકારતી રીટ અરજીઓ દાખલ કરી અને અપીલકર્તાએ કામકાજ બંધ કરવાની નોટિસને પડકારતી રીટ અરજી દાખલ કરી હતી. હાઇકોર્ટે ઠરાવ્યું હતું કે સંવિધાનના અનુચ્છેદ ૨૫૪(૨)ને ધ્યાને લેતાં કેન્દ્રીય અધિનિયમ પર રાજ્ય અધિનિયમ પ્રવર્તશે. તેણે પ્રથમ સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રીટ અરજીઓ મંજૂર કરી હતી; જોકે અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દીધી હતી. આથી હાલની અપીલ કરવામાં આવી છે. અપીલકર્તા–ટ્રેડ યુનિયને એવી દલીલ કરી હતી કે રાજ્ય અધિનિયમમાં વિપરીત જોગવાઈ હોવા છતાં, સો કરતાં વધુ કામદારો ધરાવતા ઔદ્યોગિક એકમના સંબંધમાં લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા બાબતે માલિક અને કામદારો બંનેના અધિકારો કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–બી ની કલમ ૨૫–જે સાથે કલમો ૨૫–કે, ૨૫–એસ, ૨૫–ઓ દ્વારા સંચાલિત થશે; કે પ્રકરણ ૫–બી ની જોગવાઈઓ એક સો કરતાં વધુ કામદારોને કામે રાખતા ઔદ્યોગિક એકમને લાગુ પડશે અને રાજ્ય અધિનિયમની જોગવાઈઓ ૩૦૦ કરતાં ઓછા કામદારોને કામે રાખતા ઔદ્યોગિક એકમને લાગુ પડશે નહીં, પરંતુ ત્યાં કોઈ વિરોધાભાસ કે અસંગતતા અસ્તિત્વ ધરાવતી નથી કારણ કે કેન્દ્રીય અધિનિયમ હેઠળ નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરીને માલિક દ્વારા કેન્દ્રીય અધિનિયમ અને રાજ્ય અધિનિયમ બંને લાગુ

કરવાનું શક્ય છે; કે રાજ્ય અધિનિયમની કલમો ૬–વી થી ૬–ડબલ્યુ ને ૧૦.૧૦.૧૯૮૩ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી અને કેન્દ્રીય અધિનિયમ (૧૯૮૨ નો ૪૬) તારીખ ૨૧.૮.૧૯૮૪ થી અમલમાં લાવવામાં આવ્યો હતો જેથી ૧૯૮૩ માં રાજ્ય અધિનિયમ માટે રાષ્ટ્રપતિની સંમતિ મેળવવામાં આવી ત્યારે વાસ્તવમાં કોઈ વિરોધાભાસ ન હતો પરંતુ માત્ર ભવિષ્યમાં વિરોધાભાસની શક્યતા અસ્તિત્વ ધરાવતી હતી; કે રાષ્ટ્રપતિને તેમની સંમતિ આપવાના કારણ વિશે વાસ્તવમાં માહિતગાર કરવામાં આવ્યા હતા તે દર્શાવતો કોઈ રેકર્ડ રાજ્ય દ્વારા રજૂ કરવામાં આવ્યો ન હતો; અને પ્રકરણ ૫–બી અને રાજ્ય અધિનિયમની કલમ ૬–આર ના સંબંધમાં એવો કોઈ સંઘર્ષ અસ્તિત્વ ધરાવતો નથી કારણ કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–એસ ના કારણે કલમ ૨૫–જે એ પ્રકરણ ૫–બી નો ભાગ બની ગઈ છે, રાજ્ય અધિનિયમની કલમ ૬–આર યથાવત રહી હતી અને જેથી તેમાં સમાવિષ્ટ અપવાદરૂપ કલમ તેને રાજ્ય અધિનિયમ પર પ્રવર્તમાન બનાવે છે.

સામાવાળા–ઔદ્યોગિક એકમોએ એવી દલીલ કરી હતી કે કેન્દ્રીય અધિનિયમ અને રાજ્ય અધિનિયમની વૈધાનિક યોજનાઓ અલગ છે અને બે ભિન્ન કાનૂની પરિણામો લાવે છે અને તેમને પરસ્પર અસંગત તથા એકબીજા સાથે વિરોધાભાસી ગણવી જોઈએ અને જેથી અનુચ્છેદ ૨૫૪ નો ખંડ (૨) લાગુ પડશે; કે અનુચ્છેદ ૨૫૪ નો ખંડ (૨) એવા કેન્દ્રીય અધિનિયમનો ઉલ્લેખ કરે છે જે પહેલેથી જ ઘડાઈ ચૂક્યો હતો, તેનો પાછળના તબક્કે અમલ સંપૂર્ણપણે મહત્વહીન અને અપ્રસ્તુત રહેશે; કે અપીલકર્તાએ રીટ અરજીમાં કે ખાસ

પરવાનગી અરજીમાં રાષ્ટ્રપતિની સંમતિ જે હેતુ માટે માંગવામાં આવી હતી તે હેતુ તેમને જણાવ્યા વિના મેળવવામાં આવી હતી તેવી દલીલ ઉઠાવી ન હોવાથી, તેમને આ તબક્કે તે દલીલ ઉઠાવવાની મંજૂરી આપવી જોઈએ નહીં; અને જ્યાં સુધી કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–જે ની સરખામણીએ કલમ ૨૫–એસ માં સમાવિષ્ટ અપવાદરૂપ કલમની લાગુપાત્રતાનો સંબંધ છે, અગાઉની કલમે પ્રકરણ ૫–એ ના સંબંધમાં અપવાદરૂપ કલમ દાખલ કરી હતી અને આમ, કલમ ૨૫–જે પ્રકરણ ૫–બી નો ભાગ બની ગઈ હોવાનું માની શકાય નહીં, ગમે તે સંજોગોમાં, કલમ ૨૫–જે ની સરખામણીએ કલમ ૨૫–એસ ની અધિભાવી અસર હોય તો પણ, અનુચ્છેદ ૨૫૪ ના ખંડ (૨) માં સમાવિષ્ટ સંવૈધાનિક જોગવાઈઓ તેના પર પ્રવર્તશે.

અપીલો ફગાવી દેતાં, કોર્ટે

ઠેરવ્યું: ૧. ભારતનું સંવિધાન, ૧૯૫૦ નો અનુચ્છેદ ૨૫૪ ત્યારે જ લાગુ પડશે જ્યારે સંસદ અને રાજ્ય વિધાનમંડળો બંને સમવર્તી સૂચિમાં ગણાવેલી કોઈપણ બાબતના સંબંધમાં કાયદા ઘડવાની વૈધાનિક સત્તા ધરાવતા હોય, તેઓ સમાન ક્ષેત્રમાં કાર્યરત હોય અને બે જોગવાઈઓ વચ્ચે સીધો સંઘર્ષ અસ્તિત્વ ધરાવતો હોય અને અન્યથા નહીં. સામાન્ય રીતે બંને કાયદાઓને તેમના પોતાના સંબંધિત ક્ષેત્રોમાં કાર્ય કરવા દેવામાં આવશે. એકવાર એવું ઠરાવવામાં આવે કે સંસદ દ્વારા ઘડવામાં આવેલો કાયદો અને રાજ્યનો કાયદો સમાન ક્ષેત્ર રોકે છે અને બંને અધિનિયમો વચ્ચે સીધો સંઘર્ષ અસ્તિત્વ ધરાવે

છે, ત્યારે ભારતના રાષ્ટ્રપતિની સંમતિ મેળવેલ રાજ્ય દ્વારા ઘડવામાં આવેલો અનુગામી કાયદો નિર્વિવાદપણે સંસદીય અધિનિયમ પર પ્રવર્તશે અને રાષ્ટ્રપતિની સંમતિના અભાવમાં, સંસદીય અધિનિયમ પ્રવર્તશે. [૩૧૩–એ–એચ; ૩૧૪–એ–સી]

દીપ ચંદ વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, એ.આઈ.આર. (૧૯૫૯) એસસી ૬૪૮; એમ. કરુણાનિધિ વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય, (૧૯૭૯) ૩ એસસીસી ૪૩૧; પશ્ચિમ બંગાળ રાજ્ય વિરુદ્ધ કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને અન્ય, (૨૦૦૪) ૧ સ્કેલ ૪૨૫ અને એમ.પી.એ.ટી.ટી. પરમિટ ઓનર્સ એસોસિયેશન અને અન્ય વિરુદ્ધ મધ્ય પ્રદેશ રાજ્ય (૨૦૦૩) ૧૦ સ્કેલ ૩૮૦, પર આધાર રાખવામાં આવ્યો.

ઝવેરભાઈ અમઈદાસ વિરુદ્ધ મુંબઈ રાજ્ય (૧૯૫૫) ૧ એસસીઆર ૭૯૯; ચૌધરી ટીકા રામજી અને અન્ય વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, (૧૯૫૬) એસસીઆર ૩૯૩ અને આઈટીસી લિમિટેડ વિરુદ્ધ એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી અને અન્ય, (૨૦૦૨) ૯ એસસીસી ૨૩૨, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૨.૧. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–કેન્દ્રીય અધિનિયમ અને યુ.પી. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭–રાજ્ય અધિનિયમ ૧૯૪૭ માં સંવિધાનની સાતમી અનુસૂચિની સૂચિ–૩ ની પ્રવિષ્ટિ ૨૨ મુજબ ઘડવામાં આવ્યા છે. કેન્દ્રીય અધિનિયમનું પ્રકરણ ૫–એ લે–ઓફ અને છટણી સાથે

સંબંધિત છે જે ૧૯૫૩ ના અધિનિયમ ક્રમાંક ૪૩ દ્વારા દાખલ કરવામાં આવ્યું હતું અને કલમ ૨૫–જે કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–એ સાથે અસંગત કાયદાઓની અસર માટે જોગવાઈ કરે છે. તે અધિભાવી અસર ધરાવતી હતી. રાજ્ય અધિનિયમમાં વર્ષ ૧૯૫૭ માં સુધારો કરવામાં આવ્યો હતો જેમાં લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા માટે જોગવાઈ કરવામાં આવી હતી જે ૩૦૦ કરતાં ઓછા ન હોય તેવા કામદારો કામે રાખતા હોય તેવા ઔદ્યોગિક એકમના સંબંધમાં લાગુ કરવામાં આવી હતી. રાજ્ય અધિનિયમની કલમ ૬–આર કલમો ૬–જે થી ૬–ક્યુ સાથે અસંગત કાયદાઓની અસર માટે જોગવાઈ કરે છે અને તેની પેટા–કલમ (૨) મુજબ, કલમ ૬–આર ની જોગવાઈ તે સમયે અમલમાં રહેલા અન્ય કોઈપણ કાયદાની જોગવાઈને અસર કરતી નથી તેમ ગણવામાં આવશે. સંસદે કલમ ૨૫–કે થી ૨૫–એસ સમાવિષ્ટ પ્રકરણ ૫–બી ને કેન્દ્રીય અધિનિયમમાં દાખલ કરીને લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા સંબંધિત વિશેષ જોગવાઈઓ વર્ષ

૧૯૭૬. કલમ ૨૫–કે અનુસાર, પ્રકરણ ૫–બી એવા એકમમાં લાગુ થવાનું હતું જેમાં ૩૦૦ કરતાં ઓછા ન હોય તેવા કામદારો કામે રાખેલા હોય. કલમ ૨૫–એસ જોગવાઈ કરે છે કે કલમ ૨૫–જે સહિત પ્રકરણ ૫–એ ની કેટલીક જોગવાઈઓ એવા ઔદ્યોગિક એકમને લાગુ પડશે જેને પ્રકરણ ૫–બી ની જોગવાઈઓ લાગુ પડે છે. [૩૧૧–એચ; ૩૧૨–એ–ડી)

૨.૨. ૧૯૮૨ ના અધિનિયમ ક્રમાંક ૪૬ દ્વારા, રોજગારની તત્કાલીન

પ્રવર્તમાન મર્યાદા ૩૦૦ થી ઘટાડીને ૧૦૦ કરીને નાના એકમોના કામદારો સુધી લાભકારી જોગવાઈઓનો વ્યાપ વધારવા માટે કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–બી માં અન્ય બાબતોની સાથોસાથ સુધારો કરવામાં આવ્યો હતો. પરંતુ કેન્દ્રીય અધિનિયમના સુધારા પછી ૧૯૮૩ ના અધિનિયમ ક્રમાંક ૨૬ દ્વારા રાજ્ય અધિનિયમમાં સુધારો કરવામાં આવ્યો હતો. એ નિર્વિવાદ છે કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–કે અને કલમ ૨૫–ઓ એ રાજ્ય અધિનિયમની કલમો ૬–વાય અને ૬–ડબલ્યુ સાથે એકસમાન વિષયવસ્તુ ધરાવતી એટલે કે ઇન પારી મટિરિયા છે. જો કેન્દ્રીય અધિનિયમમાં નિર્ધારિત પ્રક્રિયાઓ લાગુ ન પડતી હોય, તો કોઈ વ્યક્તિએ તે બાબતને ધ્યાનમાં રાખીને તેમાંની જોગવાઈઓનું પાલન કરવાની જરૂર નથી કે તેનું ઔદ્યોગિક એકમ રાજ્ય અધિનિયમ દ્વારા આવરી લેવાયેલું છે જે મુજબ સંબંધિત જોગવાઈઓની લાગુપાત્રતા માત્ર ત્યારે જ આકર્ષિત થશે જ્યારે તે એકમ ૩૦૦ થી વધુ વ્યક્તિઓને કામે રાખતું હોય. (૩૧૨–ડી–જી)

૨.૩. પ્રસ્તુત કેસમાં, કેન્દ્રીય અધિનિયમ અને રાજ્ય અધિનિયમ નિર્વિવાદપણે સમાન ક્ષેત્રને આવરી લે છે. સંસદીય કાયદો હોવા છતાં કાયદો ઘડવાનું રાજ્ય વિધાનમંડળનું અધિકારક્ષેત્ર અમાન્ય નથી. અનુચ્છેદ ૨૫૪ માં સમાવિષ્ટ જોગવાઈઓને અધીન રહીને બંને પોતાના સંબંધિત ક્ષેત્રોમાં કાર્ય કરશે જે તદ્દન સ્પષ્ટ અને અસંદિગ્ધ છે. જો સંઘર્ષ અસ્તિત્વ ધરાવતો હોવાનું જણાય તેવા સંજોગોમાં એક અધિનિયમની બીજા અધિનિયમ પરની અસરના સંદર્ભમાં, જો એક અધિનિયમની જોગવાઈઓનું પાલન કરવામાં આવે તો બીજા

અધિનિયમની જોગવાઈઓનો અનાદર કરવો પડે તેવા કિસ્સામાં જ માત્ર નહીં પરંતુ જ્યાં બંને કાયદાઓ ભિન્ન કાનૂની પરિણામો તરફ દોરી જતા હોય ત્યાં પણ સંઘર્ષ સીધો રહેશે. કેન્દ્રીય અધિનિયમ અને રાજ્ય અધિનિયમ વચ્ચેનો સંઘર્ષ સ્પષ્ટ હતો. (૩૧૪–ડી–એફ, ૩૧૮–ડી) એમ. કરુણાનિધિ વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય, (૧૯૭૯) ૩ એસસીસી ૪૩૧, નો કેસ અલગ તારવવામાં આવ્યો.

૩. કેન્દ્રીય અધિનિયમને તારીખ ૩૧.૮.૧૯૮૨ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી, જ્યારે રાજ્ય અધિનિયમને તારીખ ૧૦.૧૦.૧૯૮૩ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી. ૧૯૮૨ નો સુધારા અધિનિયમ તારીખ ૧.૯.૧૯૮૨ ના રોજ ભારતના ગેઝેટમાં પ્રકાશિત થયો હતો અને તેને તારીખ ૨૧.૮.૧૯૮૪ થી અમલમાં લાવવામાં આવ્યો હતો, જ્યારે રાજ્ય અધિનિયમ તારીખ ૧૨.૧૦.૧૯૮૩ ના રોજ યુ.પી. ગેઝેટમાં પ્રકાશિત થયો હતો અને તેને તારીખ ૩.૮.૧૯૮૩ થી અમલી બનાવવામાં આવ્યો હતો. સંવિધાનના અનુચ્છેદ ૨૫૪ માં વપરાયેલી વાક્યરચના સ્પષ્ટ અને અસંદિગ્ધ છે. કાયદાના પ્રકારને શરતી ગણતાં તે કાયદો અમલમાં આવવાની વિચારણા કરતો નથી. તે કોઈપણ અસ્પષ્ટતા વિના સ્પષ્ટપણે જણાવે છે કે જે કાયદો પહેલેથી જ ઘડાઈ ચૂક્યો છે તેને ધ્યાનમાં રાખીને સંઘર્ષ શોધવાનો રહે છે. સંવિધાનના ઘડવૈયાઓએ જાણીજોઈને અને સભાનપણે ભૂતકાળનો ઉપયોગ કર્યો છે. આમ, તેને તેનો સામાન્ય અર્થ આપવો પડશે. તેથી, અનુચ્છેદ ૨૫૪(૨) માં વપરાયેલી સાદી ભાષાને ધ્યાનમાં રાખીને, કેસની હકીકત અને સંજોગોમાં, રાજ્ય અધિનિયમને

આપવામાં આવેલી રાષ્ટ્રપતિની સંમતિને જોતાં તે કેન્દ્રીય અધિનિયમ પર પ્રવર્તશે. [૩૨૧–એ–બી]

પંડિત ઋષિકેશ અને અન્ય વિરુદ્ધ સલમા બેગમ [૧૯૯૫] ૪ એસસીસી ૭૧૮ અને એમ.પી. શિક્ષક કોંગ્રેસ અને અન્ય વિરુદ્ધ આર.પી.એફ. કમિશનર, જબલપુર અને અન્ય, [૧૯૯૯] ૧ એસસીસી ૩૯૬, ના કેસો અલગ તારવવામાં આવ્યા.

૪. ઉત્તર પ્રદેશ રાજ્યે ૧૯૮૨ ના અધિનિયમ ક્રમાંક ૪૬ મુજબ સંસદ દ્વારા તેનાથી વિપરીત કાયદો પસાર કરવામાં આવ્યો હોવાની હકીકતથી સભાન રહીને ૧૯૮૩ ના અધિનિયમ ક્રમાંક ૨૬ દ્વારા કલમ ૬–વી દાખલ કરી હતી. જ્યાં સુધી પ્રકરણ ૫–બી ૩૦૦ કે તેથી વધુ વ્યક્તિઓને કામે રાખતા ઔદ્યોગિક એકમને લાગુ પડતું હતું, ત્યાં સુધી રાજ્યે કોઈ જોગવાઈ દાખલ કરી ન હતી અને ઔદ્યોગિક ઉપક્રમોના લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા સંબંધિત ક્ષેત્ર સંસદને રોકવા દીધું હતું. હેતુઓ અને કારણોના કથન પરથી જણાય છે તેમ વૈધાનિક નીતિને ધ્યાને લેતાં જ્યારે કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–બી ની લાગુપાત્રતાના હેતુ માટે કામદારોની સંખ્યા ૩૦૦ થી ઘટાડીને ૧૦૦ કરવામાં આવી, ત્યારે જ રાજ્ય દ્વારા આ સુધારો લાવવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશ રાજ્યના વિધાનમંડળ દ્વારા ૧૯૮૩ ના સુધારાના કારણે કલમ ૬–વી માં સમાવિષ્ટ જોગવાઈઓ સભાનપણે ઘડવામાં આવી હોવી જોઈએ જેના સંબંધમાં જ કાયદો રાષ્ટ્રપતિની સંમતિ માટે અનામત રાખવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિની

સંમતિ જે હેતુ માટે માંગવામાં આવી હતી તે હેતુ તેમને સ્પષ્ટપણે જણાવ્યા વિના મેળવવામાં આવી હતી તેવી દલીલના સંદર્ભમાં, તેમના માટે રીટ અરજીમાં આવી દલીલ ઉઠાવવી જરૂરી હતી. આવી દલીલ રીટ અરજી કે ખાસ પરવાનગી અરજીમાં ઉઠાવવામાં આવી ન હતી અને આ અદાલત સમક્ષ પ્રથમ વખત આ તબક્કે ઉઠાવી શકાય નહીં. પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(ઈ) એવું અનુમાન ઉપસ્થિત કરે છે કે તમામ સત્તાવાર કૃત્યો નિયમિતપણે કરવામાં આવ્યા હોવા જોઈએ અને કલમ ૧૧૪(એફ) કે ચોક્કસ કિસ્સાઓમાં સામાન્ય વ્યાપાર ક્રમનું પાલન કરવામાં આવ્યું છે. ઉક્ત અનુમાનો આ કેસમાં પણ લાગુ પડશે. તેથી, એવા અનુમાન પર આગળ વધવામાં આવે છે કે રાજ્યે કેન્દ્રીય અધિનિયમની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને અધિનિયમમાં સુધારો કર્યો હતો અને તેના જ કારણે રાષ્ટ્રપતિની સંમતિ માંગવામાં આવી હતી. (૩૨૨–બી–એફ)

કૈસર–એ–હિન્દ પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય વિરુદ્ધ નેશનલ ટેક્સટાઇલ કોર્પોરેશન (મહારાષ્ટ્ર નોર્થ) લિમિટેડ અને અન્ય, (૨૦૦૨) ૮ એસસીસી ૧૮૨, નો સંદર્ભ લેવામાં આવ્યો.

૫. કલમ ૨૫–એસ પ્રકરણ ૫–એ ના સંબંધમાં કોઈ અપવાદરૂપ કલમ દાખલ કરતી નથી. વધુમાં, કલમ ૨૫–જે એ પ્રકરણ ૫–બી નો ભાગ નથી. કલમ ૨૫–એસ ના કારણે જ્યાં સંસદે જાણીજોઈને "શક્ય તેટલે અંશે" શબ્દોનો ઉપયોગ કર્યો છે જે એ બાબત દર્શાવે છે કે પ્રકરણ ૫–એ ની જોગવાઈઓ એવા

ચોક્કસ ઔદ્યોગિક એકમના સંબંધમાં પણ લાગુ થવાની હતી જેને પ્રકરણ ૫–બી ની જોગવાઈઓ લાગુ પડે છે. કલમ ૨૫–જે માં સમાવિષ્ટ અપવાદરૂપ કલમ સમગ્ર પ્રકરણ ૫–બી ને લાગુ પડતી નથી. તેને પ્રકરણ ૫–એ પૂરતી મર્યાદિત રાખવી જરૂરી છે. કલમ ૨૫–બી ની સરખામણીએ કલમ ૨૫–જે અનુસાર પ્રકરણ ૫–બી દ્વારા આવરી લેવાયેલા ઔદ્યોગિક એકમોના સંબંધમાં પ્રકરણ ૫–એ ની લાગુપાત્રતા માન્ય છે પરંતુ અપવાદરૂપ કલમનો સહારો લઈને કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–ઓ રાજ્ય અધિનિયમ પર પ્રવર્તે છે તેમ કહી શકાય નહીં. તે સ્થિતિને જોતાં પ્રકરણ ૫–બી રાજ્ય અધિનિયમ પર અધિભાવી અસર ધરાવતું નથી. વધુમાં, જો રાજ્ય અધિનિયમની કલમ ૨૫–એસ અધિભાવી અસર ધરાવતી હોવાનું વાંચવામાં આવે તો પણ, કોઈ કાયદા પર સર્વોચ્ચ કાયદાની જોગવાઈઓ પ્રવર્તશે તેમાં કોઈ શંકા નથી. કોઈ કાયદામાં સમાવિષ્ટ અપવાદરૂપ કલમ સંવિધાનની જોગવાઈઓ પર પ્રવર્તી શકે નહીં. [૩૨૩–એ–એફ)

દીવાની અપીલ અધિકારક્ષેત્ર: દીવાની અપીલ નં. ૮૬–૮૯/૨૦૦૦.

સી.એમ.ડબલ્યુ.પી. નં. ૩૮૮૩૮, ૩૩૦૯૩/૯૮, ૪૩૩૩ અને ૧૯૯૯ ના ૧૩૦૮૬ માં અલ્હાબાદ હાઇકોર્ટના તારીખ ૧૪.૧૦.૯૯ ના ચુકાદા અને હુકમ સામે.

અપીલકર્તાઓ તરફથી ગૌરવ બેનર્જી, રાજીવ મહેતા, સૌરવ અગ્રવાલ અને બી. અગ્રવાલ.

સામાવાળાઓ તરફથી જયંત ભૂષણ, રમેશ સિંહ, કુ. ગૌરી રસગોત્રા અને સંજીવ કુમાર.

કોર્ટનો ચુકાદો નીચે મુજબ આપવામાં આવ્યો હતો:

એસ. બી. સિન્હા, ન્યાયમૂર્તિ. ભારતનું સંવિધાનના અનુચ્છેદ ૨૫૪ ના ખંડ (૨) ની લાગુપાત્રતાનો પ્રશ્ન આ અપીલમાં સંકળાયેલો છે, જે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૧૪.૧૦.૧૯૯૯ ના તે ચુકાદા અને હુકમમાંથી ઉદ્ભવે છે જેના દ્વારા અત્રેના અપીલકર્તાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી રીટ અરજી ફગાવી દેવામાં આવી હતી અને અત્રેની સામાવાળા–કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી રીટ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

પૃષ્ઠભૂમિની હકીકતો:

અત્રેના અપીલકર્તા ભારતીય ટ્રેડ યુનિયન અધિનિયમ, ૧૯૨૬ હેઠળ નોંધાયેલ ટ્રેડ યુનિયન છે. અત્રેના પ્રથમ સામાવાળા એન્જિનિયરિંગ ઉદ્યોગમાં વ્યવસાય ચલાવતું એક ઔદ્યોગિક એકમ છે. તે ગાઝિયાબાદ ખાતેના પોતાના કારખાનામાં સ્વીકૃતપણે ૧૦૦ થી વધુ વ્યક્તિઓને કામે રાખતું હતું. તેના દ્વારા તારીખ ૨૧.૯.૧૯૯૮ ના રોજ અથવા તેની આસપાસ ગાઝિયાબાદ ખાતેના સદરહુ કારખાનાનું કામકાજ તારીખ ૨૩.૯.૧૯૯૮ થી બંધ કરવાના પોતાના ઈરાદાની જાહેરાત કરતી એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેના પરિણામે એવું અધિસૂચિત કરવામાં આવ્યું હતું કે ૯૯ કામદારોની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે.

આ અપીલકર્તા દ્વારા આશરે ૨૩.૯.૧૯૯૮ ના રોજ સદર નોટિસની કાયદેસરતાને પડકારતો એક ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવ્યો હતો, જેમાં એવી તથ્યલક્ષી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રથમ સામાવાળા દ્વારા તેમના ગાઝિયાબાદ ખાતેના એકમમાં ૩૦૦ થી વધુ કામદારોને રોજગારી આપવામાં આવે છે અને તેથી, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (જે હવે પછી "કેન્દ્રીય અધિનિયમ" તરીકે ઉલ્લેખિત છે) લાગુ પડશે. આ અપીલકર્તા દ્વારા કરવામાં આવેલી કથિત ફરિયાદના અનુસંધાનમાં અથવા તેને આગળ ધપાવતાં, મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા આ કામના પ્રથમ સામાવાળા પર કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫ ની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ તેમની સામે શા માટે કાયદેસરની કાર્યવાહી ન કરવી જોઈએ તે બાબતે કારણ દર્શાવવાનો નિર્દેશ આપતી એક નોટિસ બજાવવામાં આવી હતી. તા. ૩.૧૦.૧૯૯૮ ના પોતાના જવાબમાં, પ્રથમ સામાવાળાએ એવો બચાવ લીધો હતો કે સદર ઔદ્યોગિક એકમમાં કર્મચારીઓની સંખ્યા ૩૦૦ થી ઓછી હોવાથી, ઉત્તર પ્રદેશ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (જે હવે પછી 'રાજ્ય અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૬–વી સાથે વંચાણે લેતાં કલમ ૬–ડબલ્યુ ને ધ્યાને લેતાં ઔદ્યોગિક એકમનું કામકાજ બંધ કરવા માટે કોઈ પરવાનગીની જરૂર નહોતી.

રાજ્ય અધિનિયમ હેઠળ કામદારોના વેતન પેટે પ્રથમ સામાવાળા વિરુદ્ધ બે વસૂલાત પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત કારણ દર્શક નોટિસ તેમજ વસૂલાત પ્રમાણપત્રોને પડકારતી ત્રણ રિટ અરજીઓ પ્રથમ

સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ કામના અપીલકર્તાએ પણ પ્રથમ સામાવાળા દ્વારા જારી કરાયેલ કામકાજ બંધ કરવાની નોટિસને પડકારતી એક રિટ અરજી દાખલ કરી હતી. વાદગ્રસ્ત ચુકાદા દ્વારા, પ્રથમ સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી, જ્યારે આ કામના અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી ફગાવી દેવામાં આવી હતી.

હાઇકોર્ટનો ચુકાદો:

હાઇકોર્ટે તેના વાદગ્રસ્ત ચુકાદામાં એવું ઠરાવ્યું હતું કે કેન્દ્રીય અધિનિયમનું પ્રકરણ ૫–બી આશરે ૨૧.૮.૧૯૮૪ ના રોજ ઉમેરવામાં આવ્યું હોવાની હકીકતને ધ્યાને લેતાં, રાજ્ય અધિનિયમ વર્ષ ૧૯૮૩ માં ઘડવામાં આવ્યો હોવાથી અને જેના દ્વારા તથા જે હેઠળ કલમો ૬–વી થી ૬–એક્સ ઉમેરવામાં આવી હોવાથી, ભારતનું સંવિધાનના અનુચ્છેદ ૨૫૪(૨) ને ધ્યાને લેતાં પાછળનો કાયદો અગાઉના કાયદા પર પ્રવર્તશે. કેન્દ્રીય અધિનિયમનું પ્રકરણ ૫–બી વર્ષ ૧૯૮૪ માં અમલમાં આવ્યું હોવાની બાબતની હાઇકોર્ટે નોંધ લીધી હોવા છતાં, એવું ઠરાવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૨૫૪ માં વપરાયેલી શબ્દાવલીને ધ્યાને લેતાં વિરોધાભાસની કસોટી કાયદો અમલમાં આવ્યાની તારીખને બદલે કાયદો ઘડાયાની તારીખના સંદર્ભમાં થવી જોઈએ. પોતાના ઉપરોક્ત તારણના સમર્થનમાં, હાઇકોર્ટ દ્વારા આ કોર્ટના પંડિત ઋષિકેશ અને અન્ય વિરુદ્ધ સલમા બેગમ, [૧૯૯૫] ૪ એસસીસી ૧૧૮ ના કેસમાં આપેલા

નિર્ણય પર મજબૂત આધાર રાખવામાં આવ્યો હતો. /

દલીલો: અપીલકર્તા તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી ગૌરવ બેનર્જીએ આ અપીલોના સમર્થનમાં સંખ્યાબંધ દલીલો રજૂ કરી છે. શરૂઆતમાં જ વિદ્વાન વકીલે કેન્દ્રીય અધિનિયમ, રાજ્ય અધિનિયમની સંબંધિત જોગવાઈઓનું આપણું ધ્યાન દોર્યું હતું અને નીચે મુજબ રજૂઆત કરી હતી:

(૧) કેન્દ્રીય અધિનિયમનું અવલોકન દર્શાવે છે કે કામકાજ બંધ કરવા સંબંધિત પ્રસ્તુત જોગવાઈઓ અધિનિયમના પ્રકરણ ૫–બી માં સમાવિષ્ટ કલમો ૨૫–કે થી ૨૫–એસ માં જોવા મળે છે. કલમ ૨૫–કે, જે હાલની સ્થિતિએ છે તે મુજબ, એવી જોગવાઈ કરે છે કે પ્રકરણ ૫–બી એ ૧૦૦ થી ઓછા ન હોય તેટલા કામદારોને રોજગારી આપતા ઔદ્યોગિક એકમોને લાગુ પડે છે. કલમ ૨૫–ઓ ઔદ્યોગિક એકમનું કામકાજ બંધ કરવાની કાર્યરીતિ પૂરી પાડે છે. કલમ ૨૫–એસ અન્ય બાબતોની સાથે એવી જોગવાઈ કરે છે કે પ્રકરણ ૫–એ ની કલમ ૨૫–જે પણ એવા ઔદ્યોગિક એકમના સંબંધમાં લાગુ પડશે જેને પ્રકરણ ૫–બી ની જોગવાઈઓ લાગુ પડતી હોય. સદર જોગવાઈ અને ખાસ કરીને તેની પેટા–કલમ (૨) નું વાંચન દર્શાવે છે કે, રાજ્ય અધિનિયમમાં વિરુદ્ધની જોગવાઈ કરવામાં આવી હોવા છતાં, જ્યાં સુધી લે–ઓફ અને છટણીનો સંબંધ છે ત્યાં સુધી માલિકો અને કામદારો બંનેના અધિકારો અને જવાબદારીઓ કેન્દ્રીય અધિનિયમ દ્વારા સંચાલિત થશે અને તે બાબતને ધ્યાનમાં રાખતાં કેન્દ્રીય

અધિનિયમ લાગુ પડશે.

(૨) કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–જે સાથે તેની કલમો ૨૫–કે અને ૨૫–એસને વંચાણે લેતાં, એ સ્પષ્ટ થાય છે કે ૧૦૦ થી વધુ કામદારો ધરાવતા ઔદ્યોગિક એકમોના સંબંધમાં, કોઈપણ રાજ્ય કાયદાને ધ્યાનમાં લીધા વિના, લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા સંદર્ભે કામદારોના અધિકારો કેન્દ્રીય અધિનિયમ મુજબ જ નક્કી કરવાના રહેશે. અનિવાર્યપણે આવા કિસ્સામાં કોઈપણ પ્રકારે કામકાજ બંધ કરતાં પહેલાં કલમ ૨૫–ઓ હેઠળની કાર્યરીતિનું પાલન કરવું પડશે.

(૩) રાજ્ય અધિનિયમની કલમો ૬–જે થી ૬–ક્યુ, જે લે–ઓફ અને છટણી માટે જોગવાઈ કરે છે, તે જોકે કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–એ સાથે સમાન વિષયવસ્તુ ધરાવે છે, જેમાં "કલમ ૬–જે થી ૬–ક્યુ સાથે અસંગત હોય તેવા કાયદાઓની અસર" શીર્ષકવાળી કલમ ૬–આર ના રૂપમાં એક અપવાદરૂપ કલમ રહેલી છે અને જેની પેટા–કલમ (૨) ની રૂએ રાજ્ય અધિનિયમની જોગવાઈઓ કલમ ૬–જે થી ૬–ક્યુ સાથે અસંગત એવા કોઈપણ અન્ય કાયદા પર પ્રભાવશાળી અસર ધરાવતી હતી અને તે દ્રષ્ટિએ જોતાં, આ કોર્ટ દ્વારા યુ.પી. ઇલેક્ટ્રિસિટી સપ્લાય કંપની લિમિટેડ વિરુદ્ધ આર.કે. શુકલા અને અન્ય વગેરે, [૧૯૭૦] ૧ એસસીઆર ૫૦૭ માં ઠરાવવામાં આવ્યા મુજબ જોકે રાજ્ય અધિનિયમ અને કેન્દ્રીય અધિનિયમની સંબંધિત જોગવાઈઓ વચ્ચે મેળ બેસાડી ન શકાય તેવો વિરોધાભાસ હતો; પરંતુ પ્રકરણ ૫ ના સંદર્ભમાં આવો

કોઈ વિરોધાભાસ અસ્તિત્વમાં નથી કારણ કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–એસ ના કારણે કલમ ૨૫–જે એ પ્રકરણ ૫–બી નો ભાગ બની ગઈ છે, જ્યારે રાજ્ય અધિનિયમની કલમ ૬–આર અપરિવર્તિત રહી હતી અને તે બાબતને ધ્યાને લેતાં તેમાં સમાવિષ્ટ અપવાદરૂપ કલમ તેને રાજ્ય અધિનિયમ પર પ્રવર્તમાન બનાવે છે.

(૪) કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–ઓ અનુસાર, પ્રકરણ ૫–બી ની જોગવાઈઓ સો કે તેથી વધુ કામદારોને રોજગારી આપતા ઔદ્યોગિક એકમને લાગુ પડશે; અને રાજ્ય અધિનિયમ મુજબ અન્ય બાબતોની સાથે સાથે તેને લગતી જોગવાઈઓ ૩૦૦ થી ઓછા કામદારોને રોજગારી આપતા ઔદ્યોગિક એકમોને લાગુ પડતી ન હોવા છતાં, કોઈ મેળ બેસાડી ન શકાય તેવી કે અસહ્ય અસંગતતા અસ્તિત્વમાં નથી, કેમ કે કેન્દ્રીય અધિનિયમ હેઠળ નિયત કરાયેલ કાર્યરીતિનું પાલન કરીને માલિક દ્વારા કેન્દ્રીય અધિનિયમ અને રાજ્ય અધિનિયમ બંને લાગુ કરવાનું શક્ય છે અને આમ, માલિક માટે બંને કાયદાઓનું પાલન કરવું શક્ય છે. આમ, ત્યાં કોઈ વિરોધાભાસ કે વિસંગતતા અસ્તિત્વમાં નથી. આ સંબંધમાં મેસર્સ રામ ચંદ્ર માવા લાલ, વારાણસી અને અન્ય વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, [૧૯૮૪] સપ્લી. એસસીસી ૨૮, ઝવેરભાઈ અમૈદાસ વિરુદ્ધ બોમ્બે રાજ્ય, [૧૯૫૫] ૧ એસસીઆર ૭૯૯, મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી વિરુદ્ધ શિવ શંકર, [૧૯૭૧] ૧ એસસીસી ૪૪૨ અને એમ. કરુણાનિધિ વિરુદ્ધ ભારત સંઘ અને અન્ય, [૧૯૭૯] ૩ એસસીસી ૪૩૧ પર આધાર રાખવામાં આવ્યો છે.

(૫) ગમે તે સંજોગોમાં, વર્તમાન કેસમાં સંવિધાનનો અનુચ્છેદ ૨૫૪ આકર્ષિત થાય છે તેમ માની લેવામાં આવે તો પણ, રાજ્ય અધિનિયમની કલમો ૬–વી થી ૬–ડબલ્યુ ને તા. ૧૦.૧૦.૧૯૮૩ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હોવાથી અને કેન્દ્રીય અધિનિયમ (૧૯૮૨ નો અધિનિયમ ક્રમાંક ૪૬) તા. ૨૧.૮.૧૯૮૪ થી અમલમાં આવ્યો હોવાથી, રાજ્ય અધિનિયમ માટેની રાષ્ટ્રપતિની સંમતિના પ્રશ્નનું મૂલ્યાંકન થવું જોઈએ. શ્યામાકાંતલાલ વિરુદ્ધ રામભજન સિંહ, (૧૯૩૯) એફસીઆર ૧૯૩, ચૌધરી ટીકા રામજી અને અન્ય વગેરે વિરુદ્ધ ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, [૧૯૫૬] એસસીઆર ૩૯૩, મ્યુનિસિપલ કાઉન્સિલ પાલાઈ વિરુદ્ધ ટી.જે. જોસેફ અને અન્ય, [૧૯૬૪] ૨ એસસીઆર ૮૭, કેરળ સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડ વિરુદ્ધ ઇન્ડિયન એલ્યુમિનિયમ કંપની, [૧૯૭૬] ૧ એસસીઆર ૫૫૨ અને બેલસુંડ શુગર કંપની લિમિટેડ વિરુદ્ધ બિહાર રાજ્ય અને અન્ય, [૧૯૯૯] ૯ એસસીસી ૬૨૦ પર આધાર રાખતાં શ્રી બેનર્જીએ એવી રજૂઆત કરી હતી કે ૧૯૮૩ માં રાજ્ય અધિનિયમ માટે રાષ્ટ્રપતિની સંમતિ મેળવવામાં આવી તે મહત્વપૂર્ણ સમયે વાસ્તવમાં કોઈ વિરોધાભાસ નહોતો, પરંતુ માત્ર ભવિષ્યમાં વિરોધાભાસ ઊભો થવાની શક્યતા જ રહેલી હતી. ઋષિકેશ (ઉપરોક્ત) ના કેસમાં આ કોર્ટના નિર્ણયને અલગ પાડવાનો પ્રયાસ કરતાં શ્રી બેનર્જીએ એવી રજૂઆત કરી હતી કે એમ.પી. શિક્ષક કોંગ્રેસ અને અન્ય વિરુદ્ધ આર.પી.એફ. કમિશનર, જબલપુર અને અન્ય, [૧૯૯૯] ૧ એસસીસી ૩૯૬ ના કેસમાં તેને અલગ તારવવામાં આવ્યો હતો. વધુમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે ઋષિકેશ (ઉપરોક્ત) માં હકીકતના

આધારે એવું ઠરાવવામાં આવ્યું હતું કે કોઈ વિરોધાભાસ અસ્તિત્વમાં ન હતો, તેથી અનુચ્છેદ ૨૫૪ ના ખંડ (૨) હેઠળ ઠરાવાયેલ કથિત કાયદો કેવળ ઓબિટર ગણાવો જોઈએ.

(૬) ગમે તે સંજોગોમાં, અનુચ્છેદ ૨૫૪ ના ખંડ (૨) નો અમલ કરતાં પહેલાં, રાષ્ટ્રપતિને તેમની સંમતિ આપવાના કારણ વિશે ખરેખર માહિતગાર કરવામાં આવ્યા હતા તેવા તથ્યલક્ષી તારણ પર પહોંચવું અનિવાર્ય છે અને રાજ્ય દ્વારા રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરાયેલ દરખાસ્ત દર્શાવતો કોઈ રેકોર્ડ રજૂ કરવામાં આવ્યો ન હોવાથી, તેણે સંવિધાનિક આદેશનું પરિપાલન કર્યું હતું તેવું કોઈ અનુમાન કરી શકાય નહીં. આ સંબંધમાં કૈસર–એ–હિન્દ પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય વિરુદ્ધ નેશનલ ટેક્સટાઇલ કોર્પોરેશન (મહારાષ્ટ્ર નોર્થ) લિમિટેડ અને અન્ય, [૨૦૦૨] ૮ એસસીસી ૧૮૨ પર આધાર રાખવામાં આવ્યો છે.

બીજી બાજુ, સામાવાળા તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી જયંત ભૂષણે એવી રજૂઆત કરી હતી કે જ્યાં રાજ્ય અધિનિયમ હેઠળ ઔદ્યોગિક એકમનું કામકાજ બંધ કરતાં પહેલાં નોટિસ આપવાની કાર્યરીતિનું પાલન કરવું જરૂરી ન હતું, ત્યાં કેન્દ્રીય અધિનિયમ અને રાજ્ય અધિનિયમ એકબીજા સાથે અસમાધાનકારક અને પરસ્પર વિરોધાભાસી હોવાનું માનવું જ રહ્યું. વિદ્વાન વકીલે એવી દલીલ કરી હતી કે રાજ્ય અધિનિયમ અને કેન્દ્રીય અધિનિયમની જોગવાઈઓ બે અલગ કાનૂની પરિણામો ઉપજાવે છે અને તે બાબતને ધ્યાને લેતાં, બંને અધિનિયમોની વૈધાનિક યોજનાઓ અલગ અને

વિભિન્ન હોવાની હકીકતને લક્ષમાં રાખતાં અનુચ્છેદ ૨૫૪ નો ખંડ (૨) લાગુ પડશે. શ્રી ભૂષણે એવી દલીલ કરી હતી કે અનુચ્છેદ ૨૫૪ નો ખંડ (૨) અગાઉથી જ ઘડવામાં આવેલા કેન્દ્રીય અધિનિયમનો ઉલ્લેખ કરે છે તે હકીકતને ધ્યાનમાં રાખતાં, પાછળના તબક્કે તેનો અમલ તદ્દન અપ્રસ્તુત અને મહત્વહીન બની રહેશે.

વિદ્વાન વકીલે એવી રજૂઆત કરી હતી કે આ કોર્ટનો એમ.પી. શિક્ષક કોંગ્રેસ (ઉપરોક્ત) ના કેસનો નિર્ણય વર્તમાન કેસની હકીકતોને લાગુ પડતો નથી, જ્યારે ઋષિકેશ (ઉપરોક્ત) ના કેસનો નિર્ણય લાગુ પડે છે.

કૈસર–એ–હિન્દ (ઉપરોક્ત) ના કેસમાં આ કોર્ટના ચુકાદાના સિદ્ધાંતની પ્રસ્તુતતા અંગે, શ્રી ભૂષણે એવી દલીલ કરી હતી કે તેમાં જે નિર્ણયો પર આધાર રાખવામાં આવ્યો છે તે સ્પષ્ટપણે દર્શાવે છે કે આવો પ્રશ્ન રિટ અરજીમાં જ ઉપસ્થિત કરવો જોઈએ જેથી રાજ્ય સરકાર સંબંધિત દસ્તાવેજો રેકોર્ડ પર લાવી શકે. આ કામના અપીલકર્તાએ રિટ અરજીમાં કે ખાસ પરવાનગી અરજી (સ્પેશિયલ લીવ પિટિશન) માં આવી કોઈ દલીલ ઉપસ્થિત કરી ન હોવાથી, વિદ્વાન વકીલે એવી રજૂઆત કરી હતી કે, ખાસ કરીને સત્તાવાર કૃત્યની કાયદેસરતા અને માન્યતા અંગે પૂર્વાનુમાન અસ્તિત્વ ધરાવતું હોવાની હકીકતને ધ્યાને લેતાં, અપીલકર્તાને આ તબક્કે તે મુદ્દો ઉઠાવવાની મંજૂરી આપવી જોઈએ નહીં. કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–જે ની સામે કલમ ૨૫–એસ માં સમાવિષ્ટ અપવાદરૂપ કલમની પ્રસ્તુતતા સંદર્ભે, શ્રી ભૂષણે રજૂઆત કરી હતી કે

અગાઉની કલમે પ્રકરણ પ–એ ના સંબંધમાં અપવાદરૂપ કલમ દાખલ કરી હતી અને તેથી; કલમ ૨૫–જે એ પ્રકરણ પ–બી નો ભાગ બની ગઈ હોવાનું માની શકાય નહીં. ગમે તે સંજોગોમાં, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કલમ ૨૫–જે ની સામે કલમ ૨૫–એસ સર્વોપરી અસર ધરાવતી હોય તો પણ, અનુચ્છેદ ૨૫૪ ના ખંડ (૨) માં સમાવિષ્ટ સંવિધાનિક જોગવાઈઓ તેની ઉપર પ્રવર્તશે.

વિશ્લેષણ:

કેન્દ્રીય અધિનિયમ તેમજ રાજ્ય અધિનિયમ ભારતનું સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૩ ની પ્રવિષ્ટિ ૨૨ અનુસાર ઘડવામાં આવ્યા છે. બંને અધિનિયમો વર્ષ ૧૯૪૭ માં ઘડવામાં આવ્યા હતા. કેન્દ્રીય અધિનિયમનું પ્રકરણ પ–એ લે–ઓફ અને છટણી સાથે સંબંધિત છે જે ૧૯૫૩ ના અધિનિયમ ક્રમાંક ૪૩ દ્વારા ઉમેરવામાં આવ્યું હતું. કલમ ૨૫–જે કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ પ–એ સાથે અસંગત હોય તેવા કાયદાઓની અસર માટે જોગવાઈ કરે છે. તે સર્વોપરી અસર ધરાવતી હતી. રાજ્ય અધિનિયમમાં વર્ષ ૧૯૫૭ માં સુધારો કરવામાં આવ્યો હતો જેમાં લે–ઓફ અને છટણી માટે જોગવાઈ કરવામાં આવી હતી. એ બાબત નિર્વિવાદ છે કે રાજ્ય અધિનિયમની કલમ ૬–આર એ કલમો ૬–જે થી ૬–ક્યુ સાથે અસંગત હોય તેવા કાયદાઓની અસર અંગે જોગવાઈ કરે છે અને તેની પેટા–કલમ (૨) મુજબ, કલમ ૬–આર ની જોગવાઈ તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદાની જોગવાઈને અસર કરતી નથી તેમ ગણવામાં આવશે.

સંસદે વર્ષ ૧૯૭૬ માં કલમ ૨૫–કે થી ૨૫–એસ ધરાવતા પ્રકરણ ૫–બી ને કેન્દ્રીય અધિનિયમમાં ઉમેરીને અમુક એકમોમાં લે–ઓફ, છટણી અને કામકાજ બંધ કરવા સંબંધિત વિશેષ જોગવાઈઓ દાખલ કરી હતી. કલમ ૨૫–કે ની રૂએ, પ્રકરણ ૫–બી એવા એકમને લાગુ પડવાનું હતું કે જેમાં ૩૦૦ થી ઓછા ન હોય તેટલા કામદારો રોજગારી મેળવતા હોય. કલમ ૨૫–એસ એવી જોગવાઈ કરે છે કે કલમ ૨૫–જે સહિત પ્રકરણ ૫–એ ની અમુક જોગવાઈઓ એવા ઔદ્યોગિક એકમને લાગુ પડશે જેને પ્રકરણ ૫–બી ની જોગવાઈઓ લાગુ પડતી હોય.

એ વાત સાચી હોઈ શકે કે ૧૯૮૨ ના અધિનિયમ ક્રમાંક ૪૬ દ્વારા કેન્દ્રીય અધિનિયમના પ્રકરણ ૫–બી માં સુધારો કરવાનું કારણ અન્ય બાબતોની સાથે સાથે હાલની રોજગાર મર્યાદા ૩૦૦ થી ઘટાડીને ૧૦૦ કરીને નાના એકમોના કામદારો સુધી કલ્યાણકારી જોગવાઈઓનો વ્યાપ વધારવાનું હતું. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે કેન્દ્રીય અધિનિયમના સુધારા પછી રાજ્ય અધિનિયમમાં ૧૯૮૩ ના અધિનિયમ ક્રમાંક ૨૬ દ્વારા સુધારો કરવામાં આવ્યો હતો. એ બાબત નિર્વિવાદ છે કે કેન્દ્રીય અધિનિયમની કલમ ૨૫–કે અને કલમ ૨૫–ઓ એ રાજ્ય અધિનિયમની કલમો ૬–વી અને ૬–ડબલ્યુ સાથે સમાન વિષયવસ્તુ ધરાવે છે. આપણે એ બાબતની પણ નોંધ લેવી જોઈએ કે જ્યાં કેન્દ્રીય અધિનિયમને તા. ૩૧.૮.૧૯૮૨ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી, ત્યાં રાજ્ય અધિનિયમને તા. ૧૦.૧૦.૧૯૮૩ ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી હતી. એ પણ નિર્વિવાદ છે કે રાજ્ય અધિનિયમના કારણે લે–ઓફ, છટણી અને

કામકાજ બંધ કરવા સંબંધિત પ્રકરણ એવા ઔદ્યોગિક એકમના સંબંધમાં લાગુ કરવામાં આવ્યું હતું જેમાં ૩૦૦ થી ઓછા ન હોય તેટલા કામદારો કામે રાખવામાં આવ્યા હોય. ૧૯૮૨ નો સુધારા અધિનિયમ તા. ૧.૯.૧૯૮૨ ના રોજ ભારતના ગેઝેટમાં પ્રસિદ્ધ થયો હતો અને તા. ૨૧.૮.૧૯૮૪ થી અમલમાં આવ્યો હતો જ્યારે રાજ્ય અધિનિયમ તા. ૧૨.૧૦.૧૯૮૩ ના રોજ યુ.પી. ગેઝેટમાં પ્રસિદ્ધ થયો હતો અને તા. ૩.૮.૧૯૮૩ થી અમલમાં આવ્યો હતો. સંવિધાનિક યોજના:

